श्री.

કબુદ્ધિનો કેર.

પરમ પુજ્ય, તીર્થસ્વરૂપ દયારામભાઇ ગીદુમલનાં
દેવી ઉરમીલા બેહેન સાથે થયેલા લગ્ન સંબંધે.

દોહરા.

સદાપ્રભુ સ્નેહે કીધાં, જનુગમાં જગજીવન;
સર્વ. સદ રાજ્યારમાં, અતિ નમ્રા આનંદ

રચી છપાવી પ્રસિદ્ધ કરનાર,

કવિ ત્રિભુવનદાસ નારણજી મહેતા,

રહેવાસી-અમદાવાદ.

"આ પુસ્તક સને ૧૮૬૭ના ૨૫મા આક્ટ
પ્રમાણે રજીષ્ટર કરાવી સર્વ હક સ્વાધિન રાખેલ છે."

પ્રત ૫૦૦૦ સંવત ૧૯૬૫ આવૃત્તિ પેહેલી.

શ્રી અમરસિંહજી પ્રિન્ટીંગ પ્રેસમા પઠાણ નીઝામખાન
નુરખાન વકીલે છાપી--અમદાવાદ.

કિંમત બે આના.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
૨૬૫૯

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराअिट विभाग]

अनुक्रमांक ૭૬૫૬ वर्गांक

पुस्तकनुं नाम કુબુધ્ધિનો કેર

विषय ૬૨૩૧ : ૮૮૨૧ ૯૨॥૨।

અંતઃકરણના ઉદગાર.

પરમ પુજ્ય દયારામભાઇ ગીદુમલ માજી સેસન્સ જજ સાહેબ બાહાદુરની પવિત્ર સેવામાં,

જેમ મુંબઇ ઇલાકામાં, મુંબઇ હાઇકોર્ટના નામદાર ચીફજસ્ટી સરાનાડે અને બદરૂદીન તૈયબજીએ ભારત વાસીઓના બોહોળો આશિરવાદ મેળવી સૂર્યના સર્વોત્તમ પ્રકાશ સમાન કીરતીને પ્રસરાવી, પોતાના નામનું અખંડ સમર્ણ સમર્પ્યું છે. તેવીજ રીતે આપ નામદારે બોહોળો આશિરવાદ મેળવી, સૂર્યના સર્વોતમ પ્રકાસ સમાન કીરતીને સંપાદન કરી, આપના નામનું અખંડ સમર્ણ કરાવ્યું છે. તે સર્વ કોઇ નિશંક પણે અને બીન આના કાનીએ કબુલ કરે છે. તેમજ ભવિષમાં પણ કબુલજ કરશે એમ માહારી સુહૃદયપણે માન્યતા છે.

આપ મોટા હુદ્દાપર બિરાજતા છતાં અભિમાનને આધિન થયા નથી, સર્વદા સાદાઇ, સભ્યતા, દયા, નીતિ, ધર્મ અને પરોપકાર બુદ્ધિથી, ઇશ્વર પ્રેરણાએ ન્યાયીક કાર્યો કરતાંની સાથે આત્મ કલ્યાણને વાસ્તે ઇશ્વર ભકિતમાં ફતેહ પામ્યા છો, તેપણ નિરવીવાદ વાત છે.

આપ નામદાર આસરે બે વર્ષથી પેનશન પર પધારી આત્મ-કલ્યાણના કાર્યમાંજ જોડાયા છો, તેવા સંયોગમાં આપે કરેલાં લગ્નથી ખરૂં રહસ્ય સમજ્યા વિન્યા પત્રકારો અને વકતા મર્યાદા બાહાર ટીકા કરવામાં આગલ વધેલા જોઇ મને સખેદ પ્રકટવાને લીધે મારી સ્વલ્પ મતિ અનુસાર મારા અંતઃકરણના ઉદગારોને એક નનકડા પુસ્તકમાં પ્રગટ કરી તે તરફ આપનુ મુબારક લક્ષ ખેચવા અરજ કરૂં છું કે, આપ એવી હકીકતને અંતઃકરણમાં સ્થાન નહી આપતાં આપે આત્મ
ારંભેલા કાર્યમાં, નિશ્ચયપણે અડગ રહી આગળ વધી

(અસ્તુ.)

—ત્રિભુવનદાસ નારણજીના પાદ ર વિંદે પ્રણિપાત,

કબુદ્ધિનો કેર.

ઉરમીલા બહેનને ધન્યવાદ સાથે

આશિરવાદ.

રાગ. “શેહરનો સુબો કયારે આવશેરે,,

રાસડો. ૧

ધન્ય ધન્ય ઉરમીલાં બેનડીરે, ટાળ્યો તમે જ્ઞાતી તણો ભેદરે;
ઉરમીલા બેહેની: ધન્ય ધન્ય ધન્ય રૂડા નામનેરે. “ટેક”
જ્ઞાનનો ભંડાર ગુજરાત છે રે, ઉત્તમ અમદાજો વાદરે ઉરમીલા.
પુનિત કુળ આપ અવતર્યાં રે, દિવ્ય દીવેટીયા દીપક રે ઉરમીલા.
નરવર નરસિંહ રાવ છે રે, સુધારા તણા શિરતાજરે ઉરમીલા.
પુત્રી પવિત્ર છો એહનાંરે, વડનગરા નાગરની જ્ઞાતરે ઉરમીલા.
શિયળ તમે ચોખ્ખું પાંળીયું રે, દેવી સમ વરસ છવીશરે ઉરમીલા.
પતિ વીણ મુક્તિ નાં મળે રે, ઉદ્ભભવ્યું એવું ઉર જ્ઞાનરે ઉરમીલા.
જાણી એમ પતિ શુધ્ધ શોધીયારે, દુનિયાંમાં દેવરે સ્વરૂપરે ઉરમીલા.
દશરથ સુત સમ ગુણનારે, દક્ષ રૂડા દયારામરે ઉરમીલા.
આપ જ્ઞાતી છો બેહેની નાગરીરે, એ છે લુવાણાની જ્ઞાતરે ઉરમીલા.
અમદાવાદમાં તેઓ હતા રે, સેસન જડજ શ્રીમાનરે ઉરમીલા.
ન્યાય, દયા, નીતિ, ધર્મનીરે, સમક્ષ ચુકવતા ન્યાયરે ઉરમીલા.
શેવા સદનના શિરોમણિરે, શોભતા જે સૂર્ય સમાનરે
એ વરનાં વનીતા બન્યાંરે, કરવાને આત્મ કલ્યાણરે

જુગ જુગ જોડું જીવો આપનુંરે, સુખડાંમાંહે ચીરંકાળરે ઉરમીલા.
આધિષ્ય આપીએ ઉરથીરે, દંપાત જોડ દયારામરે ઉરમીલા.
વાચક વદને વાહાલા વદેરે, તમને જુવો ત્રિભુવનરે ઉરમીલા

ઉરમીલા બેહેનને શિખામણના ઉદગાર.

રાગ

"અજરે દાદાજીના દેશમાં, કાલે જઇશું પરદેશજો"

આપરે ઉરમીલાઓ બેહેનડી, પામ્યાં ભવ્ય ભરથારજો
પુર્વ તણાં પુણ્ય લેખીએ, બેહેની આપનાં અપરજો આપરે.
કુન્દનમાં કોહિનુર જડ્યો, શોભે મુકટની :માંહ્યજો;
તેમરે શોભે છે બેહેની જોડલું, ભવ્ય ભારત માંયજો આપરે.
લુબ્ધ રેહેજોરે બેહેની શેવમાં, જાણી સતીની રીતજો;
રાખીતી મીરાંએ મોરલી વળામાં, તેવી રાખજો પ્રીતજો આપરે
અખંડ સુખડાંરે એથી પામશો, જશે ભવ તણો ભારજો;
ત્રિભુવન કહેછે વાહાલી બે'નડી, મદદ કરશે મોરારજો આપરે.

ઉરમીલા બેહેનને ધીરજ આપવા માટેનું ગીત

રાગ ૨.

આવી છે જબરી જોજો જાનરે જરમરીયા જાલા.
લવતા લોકો છો હમેશરે, ઉરમીલા બેહેની.
કરશો નાં તેનો કાંઇ કલેશરે ઉરમીલા બેહેની.
ાં છે ઉત્તમ લગનરે ઉરમીલા બેહેની.
યાં જે ન્નાતીનાં વિઘનરે, ઉરમીલા બેહેની.

શ્રવણે નાં ધરશો નિંદાયરે, ઉરમીલા બેહેની.
દુનિયાંને ઢુચ્ચો ના દેવાયરે. ઉરમીલા બેહેની.
રૂવિયો કરતા જો આગે એમરે, ઉરમીલા બેહેની.
આપ વર્યા છો જોઇ તેઃ નેમરે, ઉરમીલા બેહેની.
અભણ તે જાણે કયાંથી આંકરે, ઉરમીલા બેહેની.
તેવા કાહાડે છોને વાંકરે, ઉરમીલા બેહેની.
હોયછે બબડયાની જેને ટેવરે, ઉરમીલા બેહેની.
નવરે છાના તે કેહેતા દેવરે, ઉરમીલાઃ બેહેની.
વાતો ધરશોના તેવી ધ્યાનરે,ઃ ઉરમીલા બેહેની.
પામ્યાં છો જગમાં મોટું માનરે, ઉરમીલા બેહેની.
સતિ સમ કરશો રૂડી સેવરે, ઉરમીલા બેહેની.
પામ્યાં છો પતિ રૂડા દેવરે, ઉરમીલા બેહેની.
પ્રભુ તણા છે પ્યારા ભક્તએ, ઉરમીલા બેહેની.
કબુલ કરે છે આખું જગતરે, ઉરમીલા બેહેની.
જેનું મનડું છે વણુરે વિકારરે, ઉરમીલા બેહેની.
બસ્તાની શું છે જો પરવારરે, ઉરમીલા બેહેની.

પત્રકારોને વિનંતી પત્ર.

ગીત. ૩

(રાગ) ત્રાંબાકુંડીયો તે, નગર સોહામણી.

તમો પેપર પતિયો પાછું જુવો, હવે હકરે વાળા હિંદમં
નથી રે બાકી કાંય ! ! ! જુવોને જાંખી કરી.

તમે હલકાઇ કાં હાથેથી કરો ! જુવો વણરે તપાશે જો વાંક;
ચલાવી તીખી ટાંક જુવોને જાંખી કરી.
તમે શબ્દ બાણેરે વિંધી છાતડી, જેનું વર્ણન તમારાથી થાય;
કર્યા એવો ઘાય. જુવોને૦
તમે દેવરે દાનવ નથી જાણીયા, તમે સઘળા ગણો કાં સમાન;
લાવી લુખા તાન. જુવોને૦
તમે ઉપકર બદલો આપ્યો નથી, તમે અપકારમાં કરી શેવ;
દુબાવી રૂડા દેવ. જુવોને૦
તમે દિવ્ય દ્રગેથી દેખ્યું નથી, તમે માર્યો આંખો મીચી માર;
કટારની ધાર. જુવોને૦
જેણે રાજ્ય ભક્તિરે રૂડી કરી, વળી કરીયાં છે પ્રજાહિત કામ;
બેશી ન્યાયાસન. જુવોને૦
આ સઘળું તમે શું ચુકી ગયા, જરા જોવાં હતાં તે તણાં કામ;
વાહાલા લઇ વિરામ. જુવોને૦
તમે અંતર અગ્નિને પ્રેરી છે, તમે ઘટમાં દીધા ઘાટા ડામ;
કરી ભસ્મ ચામ. જુવોને૦
જ્ઞાની ગુણીયલ તમને ઘટે નહિ, પછી મરજી તમારી એ ભાઈ;
કર કેમરે થોભાઇ. જુવોને૦

ગીત ૪.

હું તો વરઘ વધાવાને જઇશ, માહરે સોના સમોરે સૂરજ ઉગીયોરે.
એ ઢબ.

કહું છું એકજ વાત, માહરા વાહાલારે વિચારો સહુના હિતની

આપણુ શાને નિંદા છો નરવર નામ રૂડું, દેવરે સમા તે દયા રામનું રે;
ભાઇઓ—આપણુ એની શું વાતો જાણીએરે;
વ્હાલા હશે શું એનો ઉંડો ભેદ. માહરા૦
ભાઇઓ—એની સમોવડ આપણુ કો નથીરે;
જુવો કેવા કર્યાં છે ઉત્તમ કામ. માહરા૦
ભાઇઓ—ન્યાયની મુરતીમાં જેનું નામ છેરે;
જુવો ઉજવળ કીરતીનો ન મળે પાર. માહરા૦
જેના અવગુણુ ગાવાથી આપણા લોકમાંરે;
જો જો હલકા પડીશું પાર વાર. માહરા૦
ભાઇઓ—ટુંકમાં ત્રિભૂવન તમને વિનવેરે;
હવે—વદજો વિચારી લાંબી વાત. થાહરા૦

લાડકડી ચડીરે કમાડ, બાળાવરને નિરખવારે—એ રાગ ૫.

સુણો માહરા વાહાલા એક વાત, નિંદારે થકી શું વળેરે;
થયાં છે જે દેવનાં લગન, તે ટાળ્યાં કોથી નહીં ટળેરે.
નિંદાથી જો બેસે બહુ પાપ, માપ ન થાયે તે તણુંરે;
માટે મુકો નિંદા તણું નામ, સહુનેરે મુખે હું ભણુંરે.
વાહાલા માહરા લીયો રામ નામ, કલ્યાણુ થાયે જે થકીરે;
એમાં જરા સમજો ના જુઠ, તમોને કહુંછું હું નકીરે.
કરો તમે ઘર તણાં કામ, નીતિને સારી સાચવીરે;
જેમાં રહેશે* નિરમળ મન, થશે જો ધનની પ્રાપતીરે.

આવા ઉનાળાના તડકા, વહુ વીંઝણો લઈ આવ

એ રાગ ૬.

માહરા વાહાલાઓ વિરામો, વાતો સિદ્દ કરીએરે ? ? !
વખત ગાળીને નકામો વાતો૦
નથી વાત બની આ છાની, વાતો૦
તેમાં તમને નમળે હાની, વાતો૦
હતું થવાનું તે થયું, વાતો૦
તેમાં તમારૂં શું ગયું ? વાતો૦
તમે નવ જાણો એ ભેદ, વાતો૦
ખાલી ઉપજાવો કાં ખેદ ? વાતો૦
ન મળે વાતો કરતાં પાઇ, વાતો૦
ફલટો ધંધો ખોટી થાય, વાતો૦
એતો નવરાનું છે કામ, વાતો૦
માટે છોડી દયો તે નામ, વાતો૦
રૂડે ઘરને ધંધે વળગો, વાતો૦
મારગ આવો કરીને અળગો, વાતો૦
હુંતો કહુંછું સહુના સારૂ; વાતો૦
માટે માનો ભાઇઓ મારૂ, વાતો૦
પછી જેવી સહુની મરજી, વાતો૦
છેવટ એજ કરૂંછું અરજી. વાતો૦

વાતો કરનારાઓને વિનંતી.

ગીત ૭

રાગ—સોનીડાને હાટ ઘોડા અટકીને ઉભોરે.—એ ઢબ.

સહુ સહુનું સંભાળોરે ભાઇ, શી બીજાની વાતરે;
દિનકર સાથે શીદ ભરો છો, જકડી કકડી બાથરે. સહુ૦
રાજ્ય, દેશ માટે કરવાનું તે, બહુ રાખો છો બાકીરે;
એતો અમને સુજે છે જો, ભૂલ તમારી પાકીરે. સહુ૦
રાતા માતા રાણ્ય સરીખા, ભીખ માગે છે ક્રોડરે;
તે અટકાવા કાં નથી કરતા, લાલા લમણા ફોડરે. સહુ૦
દર વરસે જો ત્રણ અબજનો, એ પાડે છે ખાડોરે;
ભીખ બંધ કરવા હિંન્દ જનોને, ના નહિ કાં કોઇ પાડોરે. સહુ૦
ઉદ્યમ કરવા ભીખારીને, કાં નથી કોઇ કહેતારે;
ઉલટા ઉત્તેજન દેવાને, કાં કર રાખો વહેતારે. સહુ૦
દુઃખ પામે છે અપાર વિધવા, વળી અનીતિ થાયેરે;
કાચાં ગરભો દે છે ગાળી, ઘર ખુંણામાં ભાઇરે. સહુ૦
હાથ અનીતિ નયણે ન્યાળો, હિત સહુનું સહુ ધારીરે;
કે' ત્રિભૂવન વાત ખરી છે, જો માનો તો મારીરે. સહુ૦

પરમ પુજ્ય, તીર્થ સ્વરૂપ,

દયારામભાઇ ગીદુમલ કોણ છે?

ખુલાસો.

પ્રિય વાંચકો!!! સિંધ હૈદરાવાદના વતની લુવાણા જ્ઞાતીમાં, ઉમરાવ કુટુંબથી ઓળખાતા મોટી જાહાગીરવાળા, ઘણા ધનાઢ્ય, સર્વ પ્રકારની ઉંચી કેળવણી પામેલા, ઘણાજ દયાળુ અને પરમાત્માના પરમ ભક્ત તરીકે પ્રસિદ્ધિ પામેલા, નામદાર ઈંગ્રેજ સરકારના મોટા માનવાળી સેસન્સ જડજની નોકરીમાં જોડાઇ ન્યાયાસનને દેદીપ્ય કરનાર તેમજ નીતિ, દયા, ધર્મ, સત્યના સમુદાય સાથે જોડાઇ ઇશ્વર પ્રેરણાથી ન્યાય બુદ્ધિએ ન્યાયના નિવેડા આપી, આખી આલમના પ્રેમનું આકર્ષણ કરવામાં વિજયી બની પંચાવન વર્ષની ઉમર પુરી થતા, પેનશન ઉપર રીટાયર થએલા દયારામભાઇ ગીદુમલ છે. અમદાવાદમાં તેઓ નામદાર સેસન્સ કોર્ટમાં મુખ્ય જડજ તરીકે બીરાજતા.

દેવી સ્વરૂપ ઉરમીલા બેહેન કોણ છે?

અમદાવાદમાં મોટું માન ધરાવનાર, પ્રજા હિતના હજારો કામ કરનાર, પરમ પવિત્ર ગણાતા વડનગરા નાગર નરસિંહરાવના પુત્રી; આ એ. સુધીનું જ્ઞાન ધરાવનાર, ઘણાજ સભ્ય અને પોતાની ી વય કુમારીકા તરીકે ગાળનાર ભગીની વર્ગમાં દેવી

તરીકેનું માન મેળવનાર, આત્મ કલ્યાણના કાર્યમાં જોડાઇ સ્વર્ગના સુખની લાલસામાં લુબ્ધ થયેલ તે બેહેન ઉરમીલા.

ટીકા કરવાનું શું કારણ છે?

એ દયારામભાઇના, ઉરમીલા બેહેન સાથે લગ્ન થયાં તે. ઉરમીલા બેનની ઉમર છત્રીશ વર્ષની છે, દયારામભાઈ લુવાણા અને ઉરમીલા બેહેન વડનગરા નાગર છે.

આ લગન થયાં તે સંસાર સુખને માટે કે સ્વર્ગના સુખ માટે?

ખુલ્લાસો કરી નિર્ણય ઉપર આવવાને માટે, આપણે ૧૧ બાબતો તપાસવી જોઇએ.

બાબતો.

૧ શ્રીમાન દયારામભાઇને સ્ત્રી છે કે કેમ?
૨ ઘરના સ્ત્રી સાથે અબાંધ છે કે શી રીતે?
૩ પોતાને સંતતિ છે કે કેમ?
૪ પોતાની જ્ઞાતની નવી સ્ત્રી જોઇતી હોય તો મળી શકે કે નહી?
૫ સંસાર સુખની ઇચ્છાને આધિન થાય, એ વા યોગ્ય છે?

૬ તેઓની ઉમર કેટલી છે?
૭ આજ પર્યંતની કારકીરદીમાં કોઇ પણઅપવાદમાં આવી શક્યા છે?
૮ ઉજવળ કીરતીને અળપાવી સંસાર સુખની ચાહના કરે, એવું અનુમાન કરવું યોગ્ય છે?
૯ ઉરમીલા બેહેનને સંસાર સુખની ઇચ્છા હતે ખરી?
૧૦ પોતાની જ્ઞાતીમાં લગ્ન શા માટે નહી કર્યા હોય?
૧૧ પોતાની ઉમર છવીશ વર્ષની છે છતાં ઘડપણ ધારણ કરનાર પુરૂષ સાથે લગ્ન કર્યા તેથી કયું અનુમાન લેવું?

ખુલાસા.

૧ સ્ત્રી છે.
૨ ઘરના સ્ત્રી સાથે અભાવ કે અણબનાવ નથી.
૩ પોતાને પુત્રીઓ અને પુત્રો પણ છે, માટે સંતતિની ખામીને લીધે સ્ત્રી કર્યાનું માની શકાય નહી.
૪ બીલકુલ નહી. કારણકે સાઠ વર્ષની ઉમરે પોહોંચતા લગી બીજી સ્ત્રી કરવાનો એક શબ્દ પણ તેમના તરફથી બોલાયાનું બાહેર આવેલું નથી, તો પછી સાઠ વર્ષે એ વિચારો ઉદભવે! એ માનવું બહુ શરમ ભરેલું છે.
૫ ચોથી બાબતનો એ ખુલાસો છે કે, સ્વજ્ઞાતીની જો કન્યા જોઇતી હતી તો એકને બદલે એકસોને એક સુધી મળી શકે તેવી તેમની નામના અને કુટુંબની ઉત્તમતા છે તેમાં બારથી સોળ વર્ષની કન્યા પરણાવનાર પિતાઓ પડ્યા છે, પરંતુ જ્યાં સંસાર નો સવાલજ નથી ત્યાં કન્યા સંબંધીની શંકા કરવીજ શા જોઇએ?

૬ ચોથી કલમમાં ખુલ્લાસો થઇ ગયો છે.
૭ એક શબ્દ સરખો દાખલો નથી.
૮ હમેશાં આપવાદ રૂપ મનુષ્યોને કીર્તી સાથે કટી શત્રુતા હોય છે માટે જો કંઇ પણ અપવાદ હોત તો સૂર્યની પેઠે પ્રકાશ પામેલી કીરતી પોતાના સ્વરૂપમાં અખંડ રેહેત નહી. અને જેણે સાઠ વર્ષ લગી સદવર્તનથી બોહોળી રીતે મેળવેલો આશિરવાદ અને કીરતીનો ખજાનો લુંટાવી દેવાનું માનવું કે સમજવું એતો અણુસ્રઽ છોકરાંની રમત જેવું છે.

૯ ઉરમીલા બેહેનને સંસાર સુખની જો ઇચ્છા હોત તો તે શું બાર, તેર વર્ષની વયમાં લગ્ન ન કરી શકત? પોતાની ગ્નાતીમાં જોઇએ તેવી કેળવણી પામેલા, પૈસા પાત્ર સ્વરૂપ ધારણ કરનાર, જ્ઞાન અને માનવાળા પુરૂષો મળી શકત એમા નવાઇ શું માનવા જેવું છે. ઉરમીલા બેહેન શું એમ નથી સમજતાં કે હું નાગર જેવી ઉંચ ગ્નાતની પુત્રી છઊં અને દયારામભાઇ લુવાણા છે? અલબત પુરી રીતે સમજતાં હશે પરંતુ જેમ રૂષિયોની શેવાને માટે રાજ્ય કન્યાઓ પુરવે સ્ત્રી સ્વરૂપ ધારણ કરી શેવા કરી આત્મ કલ્યાણ કરતીઓ તેવીજ રીતે કલ્યાણને માટે આ લગ્ન સંબંધ જોડાયો છે. ધર્મના એટલે આત્મ કલ્યાણનાં કાર્યોમાં ગ્નાતી ભેદ હોઇ શકેજ નહી. માટે તેમણે ભેદને ગણેલો નથી સંસાર સુખ માટે ઉરમીલા બેહેને લગ્ન કર્યાં હોય તો તે શું, એમ નહી જાણતાં હોય? કે દયારામભાઇનું શરીર ઘડપણના કીનારા ઉપર હોવાથી તેમનાં શરીરનાં અવયવો ઘણાં શાંત ગતિમાં વિચરતાં હશે. એટલુંજ નહી પણ સાઠ વર્ષ જેવી લાંબી ઉમરનો પુરૂષ હવે કેટલ્યું આયુશ અને લાંબો કાળ સંસાર સુખ ભોગવીશું! આ સબ

એહેનની સમજ શકિત બાહાર નથી. ગમે તેવાં શરીરના અવયવો હોય તેના સાથે તેમને કશું જોવાનું નથી અને ગમે તેટલું જીવે તે બાબત પણ ખ્યાલ કરવાનો નથી. કારણ કે જ્યાં સ્વર્ગનાં સુખ માટે, શેવા અને પતિ ભકિતનો લાભ લઇ પરમ કૃપાળુ પરમેશ્વરના પદને પામવું છે ત્યાં ઉમર કે શરિરની સ્થિતિ જોવાનું રેહેતું નથી એમ ચોખી રીતે સમજી શકાય તેવું છે માટે સંસાર સુખની ઇચ્છા હતી નહી અને હજુ છેજ નહી. એમ જોઇ જાણી અને માની શકાય છે.

૧૦ પોતાની જ્ઞાતીમાં લગ્ન કરવાથી વ્યવસાયમાં વધી પડી, સંસારીક કાર્યોનો જોડાઇ જવાને લીધે ઇશ્વર ભક્તિનો સર્વોત્તમ લાભ લઇ શકત નહીં, જેને લીધેજ વિદેહી વૃતિમાં કાયમ નિવૃત રહેવાની ખાતર જ્ઞાતીમાં લગ્ન નહીં કર્યાં હોય એવું માનવાને આપણને સબળ કારણ છે.

૧૧ ધ્રડપણ ધારણ કરનાર સાથે લગ્ન કરવાનું કારણ તો એવુંજ હોઇ શકે કે, વિકારવૃતિને નિવૃત કરવા લગ્ન કર્યાં છે એવું કોઈ પણ અનુમાન કરે નહીં તેની ખાતર ઘરડા પુરૂષ સાથે લગ્ન કરેલાં સમજાય છે.

હવે ઉપરના ખુલાસાથી એવા નિર્ણય ઉપર આપણે આવવું જોઇએ. આ લગ્ન સંસાર સુખની ઇચ્છાનાં નથી પણ સ્વર્ગના સુખની ઇચ્છા માટે થાય છે એમજ માનવું જોઇએ (અસ્તુ).

આ બાબતમાં પત્રકારોએ પોહોરોજ ખાધો નથી અને જેમ ... પ જાટકણી કરી છે, એ એક પોતાની શોભામાં વિશેષ વધા ...વું અને તો ભાસે છે.

કેટલા એક તો—" ક્યાં રાજા ભોજ અને ક્યાં ગાંગો તેલી " તેની માફક ઘણાજ નષ્ટ શબ્દોમાં બોલી ગયા છે અને બોલે છે એ કેવું શરમ ભરેલું છે.

કદાચ કોઇ માણુસ ઘડીભર એવું સાબીત કરે કે એ લગ્ન સંસાર સુખની ઇચ્છા માટે થયાં છે તો તેમા આપણુને શું લાગે વળગે છે? કંઇ નહિ. તો પછી આપણે લુખા લબકારા શા માટે કરવા જોઇએ? છતાં જે કરે તેનું નામ " કબુદ્ધિનો કેર. "

સમાપ્ત.

છાપવાનું સુંદર કામ કરનાર,

શ્રી અમરસિંહજી પ્રીન્ટીંગ પ્રેસ,

તેરલાજ માટે એક વખત પધારી કામ જોઇ ખાત્રી કરશો.

ઠે. મરકતી બીલ્ડીંગ—અમદાવાદ.

સમજુતી.

પ્રિય સજ્જનો ! ! !

પરમ પુજ્ય, તીર્થ સ્વરૂપ દયારામભાઇ ગીદુમલનાં દેવી ઉરમીલા બેહેન સાથેના લગ્ન પ્રસંગથી મુંબેઇ ઇલાકામાં પત્રકારોએ અને વકતાઓએ મોટો ધોંધાટ કરી મુકી, દયારામભાઇને માટે પ્રજા વર્ગના હૃદયમાં સર્વોતમ પડેલી છાપને જડમુળથી ઉખેડી નાખવા ઉપરાંત દયારામભાઇનું ઘણો ખેદ પ્રગટાવ્યાનું સર્વ કોઇથી અજાણ્યું નથી.

પરંતુ એ લગ્ન શા કારણથી થયાં હશે અને તેનું ખરૂં રહસ્ય શું હશે ! તે બાબત ઉંડા ઉતર્યા વગર કે ખરી હકીક્ત જાણ્યા વગર કંઈ કેહેવું કથવું કે બોલવું એ ન્યાયીક દ્રષ્ટિને છાજતું નથી.

આપણે સામાન્ય દ્રષ્ટિથી જોઇ સાધારણ રીતે વિચાર કરી એતો સાઠ વર્ષની ઉમ્મરના સેસન્સ જડજના હુદ્દાપરથી પેનશન લઇ પધારેલા તમામ શાસ્ત્રોનું અને કાયદાઓનું સંપૂર્ણ જ્ઞાન ધરાવનાર અકાર્ય કરી સુવર્ણ સમાન કીરતીને કાળો ડાઘ લગાડે એ કદીપણ માની શકાય ખરૂં ? કદિજ નહીં.

કેહેવત છે કે, " નજરે જોઇએલી હકીકત ખોટી પડે છે " તો પછી કાને સાંભળેલી વાત ખોટી હોય તેમાં નવાઈ શું !

દયારામભાઇના શા કારણથી લગ્ન થયાં છે ! શું હેતુ હશે !

૧ કોઇપણ જાણવાને માટે તેમના રૂબરૂ ગયેલા નથી તેમની એ જાણી નથી છતાં ઢકાડો મારા ભાઇ એક પછી એકે

દીધેજ રાખ્યું છે. તે એટલે સુધી કે દયારામ ભાઇ જેવા એક ન્યાયની સુરતીમાં નામ ધારણ કરનારને પણ જાણે કે ગભરાવી કેમ દીધા ન હોય ! તેની પેઠે કરવામાં આવેલું જણાય છે.

ગમે તેમ હોય પણ દયારામભાઇ કોઇ બાબતમાં ભુલ થાપ ખાય તે બનવા જોગજ નથી પણ ખરી રીતે આત્મ કલ્યાણ માટે ઇશ્વર ભક્તિમાં સાહાયક થવાના હેતુથી આ લગ્ન સંબંધ જોડાયાનું માની શકાય છે. અન્ય કોઇપણ કારણ માટેનું અનુમાન લઇ શકાતું નથી.

આ ચોપડીના અંદર વિવાહ (લગ્ન) પ્રસંગે ગવાતા ગીતોના રાગમાં ગાયન કરેલાં છે, તેનું કારણ લોકોને વાંચવામાં ઘણોજ આનંદ મળી શકે અને આ લગ્નનો ખરો હેતુ શું હશે ? તેનું જ્ઞાન ઉદ્‌ભવવા સાથે જેના મનમાં આડા અવળા ભૂતની પેઠે ભરાએલા ખોટા વિચારો સત્વર નિકળી નિર્મૂળ થાય એવા સબબસર ગીતોમાં મારી પોતાની અલ્પતા અને સમજ શક્તિ અનુસાર મારા વિચારોને પુસ્તકના રૂપમાં બાહાર પાડેલા છે જે સર્વ કોઈ માન્ય કરી પરમ પુજ્ય તીર્થ સ્વરૂપ પુજ્ય દયારામભાઇ ગીદુમલને અને અખંડ સૌભાગ્ય દેવી ઉરમીલા બેહેનને અંતઃકરણથી એવી સુભાશિષ આપશે કે, તમો દેવતાઇ જોડુ, સર્વોતમ સુખ અને શાંતિમાં આબાદ નિવડી, દીર્ઘાયુ રહી, ઇશ્વર ભક્તિમાં સર્વકાલે માટે એકાગ્ર બની, આત્મ કલ્યાણમાં વિજયી થાઓ ! ! થાઓ ! ! ! થાઓ ! ! ! અસ્તુ.

લી. કવિ.

ત્રિભુવનદાસ નારણજીના સ. વિનય ધટિ

 ચારૂતરનું

અમૃતબિંદુ.

"અમૃતબિંદુ" પ્રજા સમક્ષ પેહેલ વ્હેલું રજુ કર્યું તેને ત્રણ વર્ષ હમણાંજ પુરાં થાય છે તેટલાં અરસામાં તેની ત્રીસ હજાર કરતાં વધારે શીશીયોનો મોટો ઉઠાવ થઇ ચુકયો છે. રોજ સુર્ય ઉ-ઉગતાં તેનો ફેલાવો વધતોજ જાય છે. શેંકડો નકલીયાતો આ વાત જાણીને પેટને તેમનાં પાંજર સળગી જાય છે. પરંતુ ઉપાય નથી. નકલીયાતો ભળતાં નામ આપીને પ્રજાને ઠગી શકે છે ખરા. પણ ખરો માલ આપીને પ્રજાને શંતોષ આપી શકતા નથી. "ચોરને પોટલે ધુળની ધુળ" એ વાત તેમના સંબંધમાં યથાર્થ ખરી પડી છે. પ્રભુ સત્યનો સાક્ષક છે. અમૃતબિંદુ પોતાના ગુણમાં એટલી બધી સાચી નીવડી છે અને આ સુચી પત્રમાં લખવા ઉપરાંત ઘણા વધુ ગુણો તેમાં સમાયેલા પ્રજા પ્રત્યક્ષજોતી હોવાથી તેનો ઉઠાવ વ્હાણું વાતાં વધતોજ જાય છે.

ઇનામો આપીને હમે કાંઇ કમાતા નથી. હમારો ઉદ્દેશ માત્ર અમૃતબિંદુ જેવી ખરી ઉપયોગી દવાનો મોટો ફેલાવો કરવો તેજ હોવાથી અને તે ફળી ભુત થયેલો હોવાથી હવે ઇનામો બંધ કરવા ધાર્યું. પરંતુ લોકો તો આંગળી આપતાં પહોંચ્યા માગે છે. ઇનામોની મુદત હજુ વધુ એકવર્ષ લંબાવવાને હજારો ગ્રાહકોનો એક સરખો તગાજો ચાલુ રેહેવાથી તેમની માગણીનો સ્વીકાર કરવામાં આવે છે. પરંતુ હવે ઇનામનું આ છેલ્લુંજ વર્ષ છે. ગમે તેવાં કારણ હશે તો પણ આવતાં વર્ષથી ઇનામો બંધ કરવામાંજ આવશે. માટે

લાભ લઇ લેવાની છેલ્લી જણાવણુ છે.

ચારૂતરનું અમૃત બિંદુ.

શું ચીજ છે તે માટે સારો કે ખોટો અભીપ્રાય માની લેવામાં ડાહાપણુ નથી; ખરૂં છે કે આ ધતીંગના જમાનામાં જાહેરાતોના જુઠાણાંદ્વારા પ્રજાનો વિશ્વાસ નષ્ટ કરવામાં આવ્યો છે. પણ જ્યાં સુધી એક સત્ય વાર્તા ફેલાવવાનું બીજું કોઇ વધારે ઉત્તમ સાધન મળે નહી, ત્યાં સધી જાહેરાતોનુંજ શરણુ લેવા વિના પ્રમાણીક વેપારીયોનો પણ છુટકો નથી, ગમે તેવો ચાલુ માલ હોય પણ જો જાહેરાતોનુ બાયકોટ કરવામાં આવે તો થોડાજ સમયમાં તે માલ જગતમાંથી બાયકોટ થયા વિના રેહેજ નહી. એ વાત નિશ્ચય જાણુવી, તેટલા માટે હમો હમારા વાંચનારાઓને નમ્રતાપુર્વક વિનંતી કરીએ છીએ કે, જ્યાં સુધી આપે "અમૃતબિંદુ" ની અજમાયશ જાતે લીધી હોય નહી, ત્યાં સુધી તે સંબંધી આપનું મત રીઝર્વ્ડ રાખશો. વીસ વર્ષના લાંબા અનુભવે અમોને શિખવ્યું છે કે ઘણા નિંદાખોર લોકો કાંઇ નવી ચીજ જુવે છે કે કાંઇ પાયુ કારણુ કે સબબ વિના તેને વિષે માઠું બોલવાજ મંડી જાયછે. તેજ માટે આટલું લખવું પડયુંછે.

ચારૂતરનું અમૃતબિંદુ.

કોઇ! આકાશી જાદુઇ ચીજ હોવાનો હમે દાવો કરતા નથી અથવા આબુકે હીમાલય ના મહાત્માઓની પ્રસાદી હોવાની રસીલી વાતોથી વાંચનારાઓને હમે ફસાવવા માગતા નથી. અમૃતબિંદુ ખરેખરી રીતે દેશી અને ઇંગ્રેજી વૈદકે માન્ય રાખેલી એંગ્લો જાપાનીશવસાણુઓની મેળવણી માત્ર છે. સેંકડો વખત આ ચીજો તમારા હાથ નીચે આવી ગઇ હશે અને વારંવાર આવતી હશે પણ "જાણે તેના કહોપડા" "મારે તેની તરવાર" "જાણે તેની વિદ્યા," એ રીતે હમારી ૨૦ વર્ષની સતત મહેનતનું આ ફળ છે. આ બતાવેલા સર્વ રોગ તે ખાત્રીપુર્વક સારા કરેછ

અજીર્ણ.

સર્વ રોગનું કારણુ અજીર્ણ—બદહજમી છે. માણુસને જ્યારે ખોરાક ઉપર અરૂચી થાય છે ત્યારે જાણુવું કે રોગની શરૂઆત થઇ ચુકી છે માટે તેનો તત્કાળ ઉપાય કરવો. ગમે તેવા અજીર્ણમાં અમૃતબિંદુનાં માત્ર બેજ ટીપાં ઘણી સારી અસર કરે છે. એક દીવસમાં કકડાને ભુખ લાગે છે અને કોઇ પણુ પ્રકારનો ખોરાક ખુશીથી જરપત કરી શકાય છે. જો પંદર દીવસ લાગ લાગટ બબે ટીપાં અમૃતબિંદુનાં લેવામાં આવે તો હમેશ કરતાં ડબલ ખોરાક ઉઠાવી શકાય છે અને તે પાચન કરી શકાય છે.

ઉપયોગ—રોજ બન્ને વખત જમ્યા પછી એક ચમચા પાણી સાથે અથવા દસ ટીપાં સુંઠના અર્ક સાથે બે બે ટીપાં અમૃતબિંદુ પીવું. સુંઠનો અર્ક અગર અમારે ત્યાંમંગાવશો તો દર શીશી દીઠ રૂ. ૦॥ પડશે.

ઝાડા–સંગ્રહણી.

ઝાડા, સંગ્રહણી, કોલેરા, અતીસાર, ઉલટી, એ રોગોમાં અમૃતબિંદુ ઘણીજ અકસીર દવા છે. દીવસમાં ૧૦—૧૦ વખત ઝાડા થતા હોય, પાતળાં પેટ આવતાં હોય, ખાધું કે તરત ઝાડા છુટી જતા હોવ કે સાધારણુ ઝાડા થતા હોય, ટુંકમાં જેને ઝાડાનો રોગ હોવ તેણે પેહેલી તકે અમૃતબિંદુનો ઉપયોગ કરવો, એકજ દીવસમા ખાત્રી પુર્વક આરામ પહોંચાડે છે. ઉલટી થઇ થતાની સાથેજ જો અમૃતબિંદુનો ઉપયોગ કરવામાં આવે તો પાંચ દશ મિનીટમાં ફાયદો પહોચાડે છે. જ્યાં કોલેરાનો સંભવ હોય અથવા ઉપરા ઉપરી જમણુવાર ચાલતા હોય, યાત્રામાં થંડા પાણીના સ્નાન, ખોરાકનું અનીયમીતપણું અને રખડપટ્ટીથી સરદી લાગી ઉપરના રોગ થવાનો સંભવ ... એક એક શીશી અમૃતબિંદુની ગજવામાં રાખવી તે ... છે. પોતાનો અને બીજાનો કીંમતી જાન બચાવવા

માટે દરેક ગ્રહસ્થની ફરજ છે કે તેણે અમૃતબિંદુની એક શીશી ગજવામાં રાખવાની હમેશાં કાળજી રાખવી.

ઉપયોગ—દીવસમાં બેથી ચાર વખત અથવા ઘણા ઝાડા ઉલટી હોય તો દર કલાકે ચારચાર ટીપાં અમૃતબિંદુ થોડા પાણી સાથે ઝાડા ઉલટી બંધ થતા સુધી લીધાં જવું. અથવા વધારે જરૂર જણાય તો અંદર બેબે ટીપાં લિવંગનો અર્ક નાંખવો. લીવંગનો અર્ક રૂ ०।। ની એક શીશી એ પ્રમાણે હમારે ત્યાંથી મળી શકસે.

ચુંક, આંકડી, પેટદર્દ.

ઠંડા પાણીમાં રહેવાથી, ખોરાકની સંભાળ નહી રાખવાથી, વાયડી ચીજો ખાવાથી, તેલમાં તળેલાં પદાર્થ ગળચી ગળચીને ખાવાથી, ભૂખ ન હોવા છતાં ખોરાક લેવાથી, અને બીજા અનેક કારણોથી પેટમાં ચુંક અથવા આંકડી પેદા થાય છે. તથા ઝાડો કબજ થાય છે. અને કેટલાંક વાર તો એટલી બધી ચુંક આવે છે તે સહન થઇ શકતી નથી. દરદી આસપાસના માણસોને ગભરાવી મારે છે. તેવી વખતે અમૃતબિંદુના માત્ર બેજ ટીપાંથી જાદુઇ અસર થાય છે, માત્ર ૧૫ મીનીટમાં દરદ દફે થાય છે અને એક કે બે દીવસ દવા ચાલુ રાખવાથી પ્રકૃતી પાછી અસલ હાલતમાંઆવી જાય છે.

ઉપયોગ—દર કલાકે આંકડી બંધ થતાં સુધી બેબે ટીપાં અમૃતબિંદુ એક એક ચમચા દુધ યા પાણી અથવા વલયારીના અર્કનાં દસ ટીપાં સાથે લીધાં કરવી. તેમજ પાવલી ભાર તપખીર (છીકણી) માં ૧ ટીપું અમૃતબિંદુનું મેળવા દુંટીમાં ભરવી. વલ્યારીનો અર્ક એક શીશી રૂ. ०।-ભાવે હમારે ત્યાં પણ મળે છે.

ખાંસી, દમ, સ્વાસ.

ખાંસી—દમ—સ્વાસ, ક્ષય, બાળકોનું ઉંટાટીયું. વગેરે છાતીનાં દરદો ઉપર અમૃતબિંદુ ઘણી અસરકારક દવા છે. બે ત્રણ દીવસ દવા ચાલુ રાખવાથી જરૂર આરામ પહોંચે છે. "રોગનું ઘર ખાંસી" એ વાત યાદ રાખજો. અને [illegible] !

અમૃતબિંદુ ઉપયોગમાં લેજો. જેથી તમારી જાતનું અને પૈસાનું રક્ષણ કરી શકશો. દમ અને ક્ષયના દરદીઓએ સામાન્ય રીતે એક મહીનો દીવસ અમૃતબિંદુનુ સેવન ચાલુ રાખવું જોઇએ. ઓછા ખરચે વગર તકલીફે અને ટુંકી મુદતે ફાયદો મેળવવાનો રસ્તો આ એકજ છે.

ઉપયોગ—બે બે ટીપાં અમૃતબિંદુ રોજ સહવાર સાંજ એક ચમચા દુધ અથવા અરડુસીના રસ સાથે પીવું. તથા આઠ તોલા તલના તેલમાં ચાર આની ભાર અમૃતબિંદુ મેળવી શીશીમાં ભરી રાખવુ અને રોજ તેમાંથી થોડું છાતીએ ચોળી ઉપરથી ગરમ કપડાનો શેક કરવો.

શીરદર્દ, આદાશીશી, સળેખમ.

માથાનો ગમે તેવો સખન દુખારો. સણકાં, ચસ્કા આદાશીશી, વિગેરે રોગોમાં અમૃતબિંદુ ખાત્રી ભરેલી દવા છે. માત્ર બે પાંચ મીનીટમાંજ પુરો આરામ થઇ જાય છે. જાણે કદી માથુ દુખતુંજ નથી. તાવમાં પણ જ્યારે માથું દુખતું હોય ત્યારે આ દવાથી માથું દુખતું તો મટી જાય છેજ. ગમે તેવો સખત દુખારો પાંચ મીનીટમાં સારૂ થઇ જાય છે. ઝામરના દરદીએ પણ અમૃતબિંદુનું સેવન કરવું કે જેથી તેઓ ખાત્રીથી ફાયદો મેળવી શકશે.

ઉપયોગ—એક ટીપું કપાળ ઉપર ચોળવું. પાંચ મીનીટમાં આરામ નહી થાય તો ફરીથી બે ટીપાં ચોળવાં. સંભાળી રાખવી કે આંખમાં લાગે નહી. શીશી ખોલીને વારંવાર દવા સુંઘવાથી જુનાં દરદો ઉપર સારો ફાયદો થાય છે.

આંખનો દુખાવો.

આંખોનો દુખારો, કળતર, લાલી, ગરમી વિગેરે દુર કરવા માટે સૌથી સરસ દવા માત્ર અમૃતબિંદુ છે. આંખોની ગરમી દુર થઇ જાય છે. અને બાઝી કુપાઇ જાય છે, જ્યારે આંખમાં રેતી કે કાંઇ રજ
જે, અને ઘણું ખુંચે છે ત્યારે તે કાઢવાનો ઉપાય
પુષ્કળ કાઢવું તે છે. આંખોમાંથી પુષ્કળ પાણી
બિંદુ ઘણી સરસ અને સસ્તી દવા છે.

ઉપયોગ—આંખ ઉપર ભમરની ઉપર એક ટીપું ચોળવાથી તુરત આંખમાંથી પાણી વહેવા માંડશે અને ગરમી ઝરી જશે. સંભાળજો જરા પણ આંખની અંદર જવા નહી. પામે; જો ૧ તોલા સુરમામાં માત્ર એક ટીપું અમૃતબિંદુ મેળવી પછી એ સુરમો આંખમાં આંજવામાં આવે તો તેથી પણ લાભ થાય છે.

દાંત–દાઢમાં કળતર.

દાંતમાંથી લોહી નીકળવું, દાઢમાં કળતર, દંતશુળ, સણકા વિગેરે દાંતના રોગો ઉપર તત્કાળ અસર કરવા માટે અમૃતબિંદુ ખાત્રી ભરેલી દવા છે, દાઢના સણકાનો રોગ કેટલો ત્રાસદાયક છે તે વિતે તેજ જાણે. એક એક મીનીટ એક એક યુગ જેટલી થઇ પડે છે. તેવા વખતે અમૃતબિંદુ માત્ર લગાડવાની ખોટી છે, દાંત કે દાઢને દવા અડતાંની સાથે આરામ થઇ જાય છે. જે મને દાંતનો રોગ અસલથીજ હોય તેમણે રોજ બ્રશ ઉપર એક ટીપું પાડીને તેનાથી દાંત ઘસવાની ટેવ રાખવાથી કદી પણ દાંતની પીડા થસે નહીં. દાઢના સણકા ઉપર જરા પુમડુંભીજવી કળતરવાળા ભાગ ઉપર લગાડવું અથવા પોલાણ હોયતો પુમડું દાબી દેવું.

કાનના સણકા.

પરૂ વહેવું, કાનમાં સણકા, કાનમાં દુખાવો બેહરાપણું, કર્ણસુળ, વિગેરે કાનનાં સબબનાં દરદો ઉપર અમૃતબિંદુનો ઉપયોગ કરવો જોઇએ. એક તોલાના ડુંગળીના રસમાં અથવા ૧ તોલા તલના તેલમાં અથવા એક તોલા દારૂમાં માત્ર એક ટીપુ અમૃતબિંદુનું મેળવી તેનાં કાનમાં ટીપાં પાડવાનું મટતાં સુધી ચાલુ રાખવું.

દરાજ, ધાધર ખસ, ખરજવું.

દરાજ અથવા ધાધર ઉપર અમૃતબિંદુ રામ... ત્રણ વખતજ લગાડવાથી આરામ થાય છે. ખ... અ... પણ તે ઘણીજ અકસીર દવા છે. આવા રોગોમાં ...

કરીને જેઓ કંટાળી ગયા હોય તેમને છેવટના ઉપાય તરીકે **અમૃતબિંદુ**ની અજમાશ લેવી અને હમે ખાત્રીથી કહીએ છીએ કે જેમનાં એ દરદનું આયુષ્ય પુરૂં થયું હશે તેમને **અમૃતબિંદુ**ના ઉપયોગની સલાહ ખરીજ લાગશે. પણ જેમનાં એ દરદોનો છેડો આવવાનું હજી દુર હશે તેઓ બીજી દવાઓનો ઉપયોગ કરવા પછી **અમૃતબિંદુ** વાપરશે.

ઉપયોગ—એક તોલા તલના તેલમાં ચાર ટીપાં **અમૃતબિંદુ** નાંખી દાદર ઉપર ચોળવું. ખસ ઉપર લગાડથી વખતે અગન અગન બળે તો તલના તેલની જગાએ ચંદનનું તેલ લેવું, ચંદનનું તેલ હમારે ત્યાથી રૂ ૧) માં એક શીશી મળશે.

સોજો.

કાંઇ લાગવાથી અથવા બીજા કોઈ રોગથી શરીરના અમુક ભાગ ઉપર સોજો આવી જાય છે. તેના ઉપર **અમૃતબિંદુ** ઘણી અકસીર દવા છે. એક અથવા બેવાર લગાડતાની સાથેજ સોજો ઉતરી જાય છે. ઉપયોગ દીવસમાં બેત્રણુ વખત એક એક બે બે ટીપાં **અમૃતબિંદુ** મસળવું. સંભાળજો આંખમાં લાગે નહી.

સંધીવા—લકવા.

અર્ધાંગ વાયુ સંધીવા, લકવો, વિગેરે દરદ ઉપર ખાસ કરીને **અમૃતબિંદુ** વાપરવા લાયક છે. સાંધાઓ ઝલાઇ જઇ માણુસ ખાટલા વશ કેમ નહી થયો હોય. પણ લગાડતાંજ આરામ થતો ખુલ્લો જણુાય છે. એકજ દીવસમાં દરદી પોતાને કરાર વળેલો જણુાવ છે. સાધારણુ હાથ પગમાં થતો ફાટ, તોડ નુંધારો, ઝઝણી, સાંધાઓમાં કળતર થવું, કમરમાં દર્દ. બરડાની કરોડમાં દુખારો, સુળ, પાંસળામાં કળતર, છાતીમાં દુખ થવું, હાથ પગનું ભરાઇ જવું, વિગેરે દરદોમાં સરતી કીંમતે જલદી આરામ મેળવવાનો એકલો રસ્તો **અમૃતબિંદુ**નો છે. થોડાક કલાકમાંજ તે મન માનતો ફાયદો પહોંચાડે છે ,નાં દરદ ઉપર પણુ એકજ શીશી પુરતી છે. ૧૦૦) રૂપી

થાના ખરચે જેઓનો લકવો સારો થયો હતો નહી તેવા દરદીઓને **અમૃતબિંદુની** એકજ શીશી એ સંતોષકારક આરામ પહોંચાડયો હતો. એવા એક બે નહી પણ અનેક દરદીઓ ઉપર તેની અજમાયેશ લેવાઇ છે. અને તે સઘળામાં તે ફતેમંદજ નીવડયું છે. સરસવનું અથવા તલનું તેલ, ટરપેનટાઇન કે ધાસલેટ એક તોલો લઈ તેમાં ાા તોલો **અમૃતબિંદુ** મેળવી દુખતા ભાગ ઉપર ખુબ ચોળવું. ઉપરથી ગરમ કપડાનો સેક કરવાથી જલદી આરામ થશે, અગર અગન બળતી જણાય તો **અમૃતબિંદુ** ાા ને બદલે ા તોલો લેવું.

કમજોરી—નીર્બળતા.

શરીરમાં લોહી ચઢતુંજ નહી હોય, ગમે તેવા ઉંચા ખોરાકની જાણે શરીર કીમતજ નહી કરતું હોય, આખો દીવસ સુસ્તી લાગતી હોય, આંખો નિસ્તેજ, મોં ફીકું, ડાચાં બેડેલાં, છાતીનાં પાંસળાં ૫૦ કદમ દુરથી ગણી શકાતાં હોય. પાંચશેર ઉચકી પાંચ ડગલાં ચલાતું નહી હોય, પવન આવે તો ઉડી જાય તેવું શરીર હોય, ચાલતાં શ્વાસ ભરાઇ જતો હોય, મન હમેશાં ઉદાસ રહેતું હોય, જીવ બળબળ થયા કરતો હોય, રસાળપણું જતું રહ્યું હોય, નિરાશામાં દીવસો વ્યતિત થતા હોય, ઉઠીને ઉભું થવું ભારી પડતું હોય, આખો દીવસ મુર્દાજ રહીએ એમ લાગતું હોય, મગજ ઉપર પુષ્કળ બોજો લાગતો હોય, યાદ શક્તિનો નાશ થયો હોય, મગજમાં અનેક ગુંચવાડાઓ ઉભા થતા હોય, ટુંકમાં જ્યારે શરીર કેવળ શક્તિ વગરનું થઈ ગયું હોય ત્યારે **અમૃતબિંદુનો** જરૂર ઉપયોગ કરવો. અંદરના અને બહારના ઉપયોગથી શરીર જોરાવર, હાડકાં ચીકણાં, અંગ ભરાવાદાર, ચેહેરો ગુલાબી, છાતી ઉઠાવદાર, કમર મજબુત હાથ પગ તાકાતવાળા, આંખો તેજસ્વી અને મન ઉમંગી બની મગજ પણ આનંદી બને છે, એકજ શીશીનો ઉપયોગ તમોને જરૂર સંતોષ આપશે વિદ્યાર્થીઓએ ખસુસ કરી વાપરવું જોઇએ. ધાતુપૌષ્ટીક દવાએ નંબર **અમૃતબિંદુનો** આવે છે.

ઉપયોગ—એક તોલો ઘી અને અડધો તોલો મધ, અથવા ૧ તોલો માંખણ અને અડધો તોલો પીસેલી સાકર, અથવા એક તોલો બદામનું તેલ, અથવા ૧૦ તોલા દુધ એમાંના કોઇ પણ અનુપાન સાથે બે બે ટીપાં **અમૃતબિંદુ** સહવાર સાંજ લેવું.

હરસ.

હરસની પીડા જેને વીતે તે જાણે જ્યારે હરસની દવા કરી કરીને તમો કંટાળી, ગયા હો, ત્યારે છેલ્લા ઉપાય તરીકે માત્ર **અમૃતબિંદુ** અજમાવજો અને ખાત્રીથી એ પીડા હમેશની દુર થઈ જશે.

ઉપયોગ—રોજ સવારમાં અડધો તોલો વાટેલું નાગકેશર, ૦ાા તોલો વાટેલી સાકર ભેગાં કરી તેમાં બે ટીપાં **અમૃતબિંદુ** નાંખી ફાકી મારવી અને ઉપરથી ૦ા શેર દુધ પીવું. જો ફાકવું પસંદ નહીં હોય તો માખણમાં મેળવી ચાટવું.

ઊંચુ નાગકેશર દળેલું તૈયાર શીશી ૧) નો રૂ. ૦ા હમારે ત્યાંથી પણ મળશે.

મ્હોં–આવવું.

ગમે તે કારણથી મોં આવ્યું હોય, અવાળું ફુલી ગયાં હોય, મોંમાં ચાંદાં ધારાં પડી ગયાં હોય, બધું બેચાર વખતમાંજ મટી જાયછે.

પયોગ૦ા તોલો કબાબચિની (ચીણીકબાલા) બારીકવાટી તેમાં માત્ર એકજ ટીપુ **અમૃતબિંદુનું** નાંખી મેળવી મોંમાં ચોપડવું. અને મોં ગળતું મુકવું. (લાળ જવા દેવી) એ રીતે દિવસમાં ત્રણ કે ચાર વખત કરવું.

પ્રમેહ.

ગમે તે જાતનો ગમે તેવો પ્રમેહ હશે પણ **અમૃતબિંદુથી** તે જરૂર મટશેજ.

ઉપયોગ—રોજ સવારમાં ૧) તોલો વાટેલા ગોખરૂ. ૧ તોલો પાંદડાંનો રસ, ૧) તોલો દળેલી સાકર ત્રણે મેળવી તેમાં બે **તબિંદુ** નાંખી પી જવું. અથવા ૧૦ કે ૧૨ ટીપાં ચોખ્ખું

ચંદનનું તેલ લઇ તેમાં બે ટીપાં અમૃતબિંદુ મેળવી રોજ સવારમાં ચાટી જવું. ચંદનનું ચોખ્ખું તેલ હમારે ત્યાં પણ મળશે. કીંમત રૂ. ૧)

ચામડીનું ફાટવું.

શિયાળામાં ઘણું કરીને દરેક માણસના હાથ પગની ચામડી ઓછી વધારે પણ ફાટયા વિના નથી રહેતી, તેવે પ્રસંગે અમૃતબિંદુ વાપરવા લાયક દવા છે.

ઉપયોગ—માંખણ, ઘી, તેલ, દીવેલ, અથવા વેસેલીન એમાંથી કોઈ પણ ચીજ ૦।। તાલો લઇ તેમાં બે ટીપાં અમૃતબિંદુ નાંખી ચોળવું એટલે જલદી આરામ આરામ થઇ જાય છે.

ઝેરી–ડંખ.

ભમરી, વીછુ, મધમાખ, ચાંચડ, માંકડ મચ્છર, કાનખજુરો વિગેરેના ડંખ ઉપર અમૃતબિંદુ અમુલ્ય દવા છે. હજારો વખત તેની અજમાયેશ લેવાઈ છે અને હજી સુધી એક વખત પણ નિષ્ફળતા મળી નથી. દવા લગાડતાંવારજ અસર થવા માંડે છે અને પાંચ મીનીટમાં તો દરદનું ચિન્હ પણ રહેતું નથી.

ઉપયોગ—ડંખ ઉપર એક ટીપું અમૃતબિન્દુ ચોળવું.

પ્લીહા–બરોળ.

બરોળના દરદીએ ખાસ કરીને અમૃતબિંદુ અજમાવવું. જ્યાં બીજી કોઇ દવાએ ફાયદો નથી પહોંચાડયો. ત્યાં તે જરૂર સારૂ પરિણામ લાવશે. થોડા ખરચે જલદી આરામ કરવાનો એકજ રસ્તો છે તે, અમૃતબિંદુની અજમાયેશ લવી.

ઉપયોગ—સાચા મોતીની છીપની ભસ્મ બે આની ભાર લઇ તેમાં બે ટીપાં અમૃતબિંદુ મેળવી રોજ દિવસમાં બેવાર જમ્યા પછી ખાવી. છીપની ભસ્મ અમારે ત્યાંથી મંગાવવામાં આવશે તો રૂ ૧) ની ૧ તોલો એ હીસાબે મોકલવામાં આવશે.

અંડવદ્ધિ.

એક બે અને ત્રણ વખત લગાડતાની સાથેજ ફાયદો

જરે પડે છે. માત્ર આઠ દિવસમાંજ સદંતર આરામ થઇ જાય છે. ગમે તેવા કેસમાં તે પોતાનું કામ સંતોષકારક બજાવે છે.

ઉપયોગ—૧ તોલો દીવેલમાં ०)≡ ભાર અમૃતબિંદુ મેળવી સવાર સાંજ એ મિશ્રણ ચોળવું.

નપુશકતા.

વિર્યનો કોઇપણ રીતે નાશ થવાથી આ દરદ ઉત્પન્ન થાય છે. સૃષ્ટી વિરૂદ્ધ કર્મ; હસ્તદોષ, અતિશય વિહાર, રાત દિવસ હલકી મોજના વિચારો, બીભત્સ વાંચન લેખન સ્વપ્નાવસ્થા ઇત્યાદી કારણોથી વિર્યનો અઘટિત રીતે નાશ થઈ માણસ પુરૂષત્વ ખોઇ બેસે છે. તેવે વખતે તેમને ચિંતામાંથી મુક્ત કરનાર એક અમૃતબિંદુ એ ખરો આધાર છે. ધાતુક્ષિણતાથી નસો ઢીલી પડી જઇને શિથિલતા પ્ર થાય છે. ઢીલી પડેલી નસોને પાછી તંગ બનાવી. તેમાં તાકાત લ વા માટે અમૃતબિંદુ રામબાણ દવા છે. પુરૂષત્વના નાશથી જેઓ રાતદીવસ ચીંતામાં રહેતા હોય હજારો જાતની દવાઓ વાપરીને જેઓ નિરાશ થઈ ગયા હોય તેઓને છેલ્લા ખાતરી ભરેલા ઉપાય તરીકે અમૃતબિંદુ વાપરવાની ભલામણ કરવામાં આવે છે. અને હમો ખાત્રી આપીએ છીએ કે એકજ શીશીથી તેઓની મનની ચીંતા ખચીત ટળી જશે. ઉપયોગ—રોજ સવાર સાંજ ાા તોલો તલના તેલમાં એક ટીપું અમૃતબિંદુ મેળવી તેને ચોળવું.

પ્રદરરોગ.

સ્ત્રીઓના પ્રદર રોગ ઉપર અમૃતબિંદુ અજાયેબ અસર કરેછે. રક્ત યા સ્વેત ને પ્રદર ઉપર તે આપી શકાય. એ ચાર દીવસમાં તેનાથી આરામ થઇ જાય છે. સ્ત્રીયાને તન્દુરસ્ત, આરોગ્ય, મજબુત બાંધાનીરાખવાથી તેમની સંતતિ પણ નિરોગી બનાવી શકાય છે. સ્ત્રી યોને રોગી બનાવવા માટે દર વરસે એક શીશી અમૃતબિંદુ આપવામાં તો સુવાવડોમાં આવનારી નબળાઇથી પણ તેમનું રક્ષણ કરી ઉપયોગ—સહવાર સાંજ જમ્યા પછી દરેક વખતે ાા તોલો

નાગકેસર (ઝીણું વાટેલુ) લઇ તેમાં એક તોલો માખણ તથા બે ટીપાં અમૃતબિંદુ મેળવી ખાવુ'ઉપરથી રૂચી અનુસાર તાજુ દુધ પીવું.

સરદી.

અતિશય શરદી થઇ જવાથી માણસ ઘણી વાર ઠંડોગાર બની જાય છે. સ્થિતી ઘણી ભયંકર છે અને જો આ સ્થિતીમાંથી તત્કાળ તેને બચાવવામાં નહીં આવે, અંગમાં ગરમી લાવનારા ઉપચારો કરવામાં નહિ. આવે તો થોડા કલાકોમાં તેનુ આયુષ્ય પુરૂં થઇ જાય છે. ગરમી લાવનારા બીજા સઘળા ઉપચારોમાં તત્કાળ કામ લાગે, જલદી અસર કરે અને વળી સસ્તો પડે તેવો ઉપાય અમૃતબિંદુજ છે. આવી સ્થિતીમાં તે પગના તળીએ ચોળવાથી આખા શરીરમાં ગરમી આવી જાય છે અને બે ટીપાં પેટમાં જતાની સાથેજ હુશિયારી આવી જાય છે ઉપયોગ—એક તોલો સરસીનું તેલ લઇ તેમાં ૧૦ ટીપાં અમૃતબિંદુ મેળવી ખુબ ચોળવું. વધારામાં જરૂર જણાય તો ૧૦ ટીપાં તજનું તેલ ઉમેરવું. તજનું તેલ હમારી પાસેથી મંગાવતાં રૂ ૦ાા ની એક શીશી મોકલવામાં આવશે.

તાવ.

ઠંડીનાં લખ્ખણખાં આવીને રોજીંદો, એકાંતરીયો, ચોથિયો ગમે તેવો તાવ આવતો હોય તેને નાબુદ કરવાનો સહેલો ઉપાય "અમૃતબિંદુ" છે જીર્ણજ્વર ઉપર પણ તે ઘણું સારૂં કામ કરે છે. સેંકડે ૮૦ માણસોને તેથી આરામ થઇ જાય છે. ઉપયોગ—તુળસી આદુ અને ખાવાનાં પાન પ્રત્યેકનો રસ (૦ા) પા તોલો મેળવી તેમાં બે ટીપાં અમૃતબિંદુ નાંખી દરદીને દીવસમાં બે વખત પાવું.

ન્હારૂ.

ન્હારૂં અથવા વાળો એ એક જાતનો તારના રૂપનો કીડો છે. ખરાબ પાણીથી અથવા બીજાં ઘણાં કારણોથી માણસના શરીરના ગમે તેવા ભાગે વાળો નીકળે છે. એકવાર વાળો બહાર દેખાયો " તેને બાંધી રાખવો પડે છે. કારણ કે તાણી કાઢનાં જો ૮ જાય છે, અથવા અંદર પાછો પેશી જાય છે તો તે પોતાનો ૬

ફેરવે છે. અને ઘણી ઘણી વેદના દિવસો કે મહિનાઓ સુધી આપે છે અમૃતબિંદુ લગાડવાથી વાળો બળી જાય છે. ઉપયોગ–ચાર ટીપાં હીંગનો અર્ક લઇ તેમાં બે ટીપાં અમૃતબિંદુ નાંખી થોડું પાણી ઉમેરી રોજ દિવસમાં ત્રણ વાર પીવું. હીંગનો અર્ક હમારી પાસેથી મંગાવશો તો ૨ ાા ની શીશીને હીસાબે મોકલીશું.

જંતુનાશક.

ઘરમાં ખાળ, મોરીયો, વિગેરે જગાઓ સાધારણ પાણીથી ધોવા છતાં ઘણી દુર્ગંધી મારે છે તથા જીવ ઉત્પન્ન થાય છે. આવી વખતે ઘરમાં વસનારને ઘણો કંટાળો ઉપજે છે. એટલુંજ નહીં પણ એવી દુર્ગંધમાં વસવું તે પણ જોખમ ભરેલું છે. થોડા પાણીની અંદર બે ટીપાં અમૃતબિંદુ નાંખી તેવી જગાઓ સાફ કરવામાં આવે તો દુર્ગંધી દુર થશે એટલુંજ નહિ પણ હાની કરતા જંતુઓનો પણ નાશ થાય છે.

માંકડ.

પલંગ, ખુરસી, ટેબલ, મેજ, કબાટ, અભરાઇ, બારી, બારણાં ભીંતની તરડો વિગેરે જગાઓમાં માંકડ પુષ્કળ ભરાઇ રહે છે; તેમનો નાશ કરવા માટે અમૃતબિંદુ ઘણી અકસીર દવા છે. માંકડનો કંટાળો લગભગ દરેક ઘરમાં હોય છે. અને માંકડના ઉપદ્રવથી બચવાની ઇચ્છા પણ દરેકની હોય છે. ત્યારે માકડનો નાશ કરવા ઉપરાંત જેમાં બીજા સેંકડોગુણો સમાયલા છે તેવા અમૃતબિંદુની દરેક ઘરમાં જરૂર છે એ વાત પુરવાર થાય છે.

ઉપયોગ સાબુનું ફીણ બનાવાને તેનું પાણી ગ્લાસ ભરીને તૈયાર કરી તેમાં ચાર ટીપાં અમૃતબિંદુ નાખી માંકડ ભરાવાની જગાઓમાં તે છાંટવું. એથી માંકડ મરી જશે અને મહીનાઓ સુધી ત્યાં માંકડ ભરાઇ બેસશે નહીં.

ઉપર લખવામાં આવેલા અમૃતબિંદુના સઘળા ગુણુ અતિશયોકિતથી કેવળ નિરાળા છે. દરેક ઘરમાં તેની આજ કાલ જરૂર છે. પોતાના સ્વાર્થને માટે તો ઘણા માણસો આ શીશી ખરીદ કરે છે. પણ પરોપકાર માટે પણ તેની સેંકડો શીશી દયાળુ ગૃહસ્થો ખરીદ કરે છે જે ઘરમાં અમૃતબિંદુની એક શીશી છે. તેને વૈદ્ય ડાકટરની જરૂર કવચિતજ પડે છે.

કીંમત.

અમૃતબિંદુની એક શીશી સેંકડો રૂપીયાની કીંમતની છે એમ કહીએ તોપણ ચાલે, કારણ કે તેનાથી વૈદ્ય ડાકટરોનાં મોટાં બીલો ભરવાનાં બચ્યાં જાય છે. પરંતુ હમોએ તેની કિંમત માત્ર રૂ. ૫) રાખી છે.

અડધી કીંમત.

જો કે અમૃતબિંદુ એક શીશી રૂ. ૫ માં મુફત જેવીજ છે. તે છતાં અમો પ્રજાને તેનો જેમ બને તેમ વધારે પરીચય આપવા ઇચ્છીએ છીએ, કે જેથી હમોને ભવિષ્યમાં ફાયદો થાય. દવા એવી તો ઉમદા છે કે એકવાર ખરીદ કરનાર પાસેથી રૂ. ૫) ને બદલે રૂ. ૧૦) માગવામાં આવે તો પણ તે વગર આનાકાનીએ ખરીદશે. તેટલા માટે હાલમાં માત્ર એક વર્ષ સુધી તેની અડધી કીંમત એટલે માત્ર રૂ. ૨ાા રાખ્યાં છે. તે ઉપરાંત વળી પ્રજામાં આ દવા જાણીતી કરવા માટે.

ઇનામો.

ની સીસ્ટમ નીચે પ્રમાણે ગોઠવવામાં આવી છે. આ ઇનામો પણ ચાલુ વર્ષની આખર સુધીજ આપવામાં આવશે તે વીત્યાબાદ શીશીની કીંમત રૂ. ૫) આપવા પડશે. અને કોઈ પણ જાતનું ઇનામ આપવામાં આવશે નહીં.

૧ એક શીશી લેનારને એક મેજ ઉપર મુકવાનું " ખુબસુરત " ઘડીયાળ મુફત આપવામાં આવશે. કીંમત રૂ. ૨ાા ની. છે.

૨ બે શીશી અમૃતબિંદુ ખરીદ કરનારને એક ઘણું સરસ અસલ રોસકોપ સીસ્ટમ અથવા રેલ્વેરેગ્યુલેટર ગજવાનુ ઘડિયાળ ગ્રાહકની ઇચ્છાનુસાર બક્ષીસ મળશે. કીંમત રૂ. ૫) વી. પી. ખર્ચ સાથે રૂ. ૫ાા ભરવા પડશે.

૩ ત્રણ શીશી અમૃતબિંદુ ખરીદ કરનારને એક ખરી ચાંદીનું ઘડી વોચ (રિષ્ટવોચ) હાથે બાંધવાના ચામડાના પટા સાથે બક્ષીસ મળશે. વી. પી. ખર્ચ સાથે રૂ. ૮ા ભરવા પડશે.

૪ ચાર શીશી લેનારને એક બ્રેસલેટ વોચ બક્ષીસ મળશે, આ ઘડિયાળ વિલાયતી રોલ્ડગોલ્ડની પહોંચીમાં જડી લીધેલી છે. આ પુરૂષ બન્નેના હાથને શોભા આપે તેવો સુંદર દાગીનો છે, વી. પી. ખર્ચ સાથે રૂ. ૧૦ાા≈ ભરવા પડશે.

૫ પાંચ શીશી અમૃતબિંદુની ખરીદનારને એક હન્ટીગ વોચ બક્ષીસ મળશે, આ ઘડિઆળ સોનેરી અથવા રૂપેરી બન્ને બાજુએ સુંદર નકસીની કારીગરીનાં ઢાંકણાં વાળાં ઘણાંજ મનમોહક છે. શ્રીમાનોનાં ગજવાં દીપાવે તેવાં છે, વી, પી, ખર્ચ સાથે રૂ. ૧૩)≈ ભરવા પડશે.

૬ છ શીશી અમૃતબિંદુ ખરીદવાથી ઉપર પ્રમાણેનુંજ હન્ટીંગવોચ બન્ને બાજુ ખરી ચાંદીનાં ઢાંકણાં વાળું બક્ષીસ મળશે. વી. પી. ખર્ચ સાથે રૂ. ૧૫ાાા ભરવા પડશે.

૭ સાત શીશી ખરીદનારને એક મજબુત ગજવાનું ઘડીયાળ ઇનામ મળશે. આ ઘડીયાળને અઠવાડીઆમાં માત્ર એક વારજ ચાવી આપવી પડે છે, રોજ ચાવી આપવાની કટકટ નથી. કીંમત રૂ. ૧૭ાા વી. પી. થી. રૂ. ૧૮ા

૮ આઠ શીશી ખરીદ કરનારને ઉપર પ્રમાણેજ ખરી ચાંદીના ઘરનું વિકલી વાઇન્ડીંગ ઘડીયાળ બક્ષીસ મળશે. વી. પી. સાથે રૂ. ૨૧) ભરવા પડશે.

૯ નવ શીશી ખરીદ કરનારને એક ફેન્સી કેલેન્ડર વૉચ (ગજવા ઘડિયાળ) બક્ષીસ મળશે. આ ઘડીઆળમાં કલાક મીનીટ, સેકન્ડ

ઉપરાંત તારીખ, વાર, મહીનો, તથા ચંદ્રમાની વધઘટ, સઘળુ ખુલ્લે ખુલ્લું જણાય છે. અમીર ઉમરાવોને વાપરવા લાયક ઘડીયાળો છે. રૂ. ૨૩ાા માં ઘર બેઠાં ટપાલ ખર્ચ સાથે પહોંચતુ થશે.

૧૦ દશ શીશી ખરીદ કરનારને ઉપર પ્રમાણેનુંજ ખરી ચાંદીના ઘરનું કેલેન્ડર વોચ બક્ષીસ મળશે, વી. પી. ખર્ચ સાથે રૂ. ૨૬)

૧૨ બાર શીશી ખરીદ કરવાથી એક ખરા સોનાનું લેડી વોચ બક્ષીસ મળશે. સ્ત્રી પુરૂષો તેને પોતાની છાતી ઉપર ટાંગી શકશે, ગજવામાં રાખી શકશે, અથવા કાંડા ઉપર બાંધી શકશે, ઘણું દીલકસ ઘડિઆળ છે. વી. પી. ખર્ચ સાથે રૂ. ૩૧ા ભરવા પડશે.

૨૪ બે ડઝન શીશી ખરીદ કરનારને એક ગજવામાં રાખવા લાયક જેન્ટલમેન સાઇઝનું ઘણુાજ દમામદાર દેખાવનું, મજબુત કામ, અને સરસ ચાલતું ખરા સોનાનાં ઢાંકણાંનું ઘડિયાળ બક્ષીસ મળશે. શ્રીમાનોજ તે ગજવામાં રાખી શકે, કારણુ તે ઘણાં મોંઘી કીંમતનાંછે; વી. પી. સાથે રૂ, ૬૨) પડશે, રૂ. ૫) આગાઉથી ઓર્ડર સાથે મોકલવા.

૩૬ ત્રણુ ડઝન શીશીનાં ઘરાકને ઉપર પ્રમાણેનુંજ ખરા સોનાનું હંટીંગ વાચ બક્ષીસ મળશે. તેને બન્ને તરફ સુંદર નકસીદાર ખરાં સોનાનાં ઢાંકણાં હોય છે. વી. પી. ખર્ચ સાથે રૂ ૯૨) ભરવા પડશે તેપૈકી રૂ ૫) અગાઉથી ઓડર સાથે આવવાજ જોઇએ. બાકી રૂ ૮૭)નું.વી.પી. થશે.

ચેતવણી.

આ ચારૂતરનું અમૃતબિંદુ સરકારમાં રજીસ્ટર કરાવ્યુ છે. તમારા પોતાના ફાયદા માટે બજારમાંથી ખરીદ કરતી વખતે સાવધાન રહેજો. અને રજીસ્ટર નંબર ૮૪૧-૧૦ તપાસીને પછીજ તમારા ગજવામાં હાથ નાંખજો. નકલી માલ શોધી તે બનાવનારાઓને કોર્ટમાં સજા કરાવતાં સુધીની મદદ કરનારાઓને ઇનામ આપવામાં આવશે. સરનામું બરાબર યાદ રાખો.

"અમૃતબિંદુ ઓફીસ"

નડીઆદ—ગુજરાત.

પુસ્તક મંગાવનાર ગૃહસ્થને વિનંતિ.

અમારા તરફથી પ્રગટ થએલા પુસ્તક નિચે પ્રમાણેઃ—

૧ આનંદના ઃ દમલા અને વાંઢાના નળખાની વિભુતે
ત્રિગુણ આરતિ ત્રીજી. ... કિં. બે આના
૨ હિંદુ ... પુરાણ આવૃત્તિ બીજી. ... ,, એક આનો
૩ હિંદુ નાટક પુરાણ ... ,, એક આનો
૪ હિંદુ હિંડોળા પુરાણ આવૃત્તિ ત્રીજી ... ,, બે આના
૫ હિંદુ શિક્ષા અને ગરબાના ગીત ... ,, દોઢ આનો
જગને ભીમાટ ભયંકર બદારના રમખાણમાંથી
બચાવ કરવા બાબત ... ચેતવણી. ,, બે આના
૭ રામાની રામાયણ અને ધરણીધરનો પસ્તાવો. ,, બે આના
૮ "કર્મહિનો ક્રમ." પરમ પુજ્ય ... કથા
... ગોકુળના ... ભાવ
... સંગ્રહ ,, બે આના

મળવાનું ઠેકાણું—રાયપુર ... પોળ, શાંતિ ભવન ...
૧૨૧૪ શ્રીયુત પુજ્યપાદ મહાત્મા શ્રી ચિમનલાલ ગુલાબીદાસ ... ડી. એન. મહેતા—અમદાવાદ.

જાહેર ખબર.

અમારી ... હાથી ... જાતના, ... ગંજીફાઓ વિગેરે ... તૈયાર કરેલા સામાન નકશી તથા ... વાજબી ભાવથી મળે છે. જોઈએ તો આવી અથવા મંગાવો. મળવાનું ઠેકાણું—

હરજી રામજી મીસ્ત્રી.

માંડવીની ... દુકાન નંબર ...